# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૨૫ તા. ૦૧-૦૧-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ.શાળાઓને જણાવવાનું કે - તમારી શાળાના બેંક ખાતામાં સ્વચ્છ ભારત મિશન અન્વયે ઓક્ટોબર-૧૫ થી માર્ચ-૧૬ સુધીના ૬ માસના કુલ રૂા. ૧૦,૮૦૦/- (એક માસના રૂા.૧,૮૦૦/- લેખે) જમા આપવામાં આવેલ છે. પરિપત્ર નં. ૫૪/ તા. ૦૫-૦૮-૨૦૧૫ થી સ્વચ્છ શાળા અભિયાન અન્વયે કઇ રીતે આ સ્વચ્છતા ગ્રાન્ટ વાપરવી તેનું વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવેલ છે. તેમ છતાં કેટલીક શાળાઓમાં સ્વચ્છતા બાબત હજુ કચાશ જોવા મળે છે. તો સદર ગ્રાન્ટનો ઉપયોગ પરિપત્રમાં આપેલ માર્ગદર્શન મુજબ કરી શાળા સંકુલની સાફસફાઇનું સંપૂર્ણ ધ્યાન રાખવાનું રહેશે તેમજ આ ગ્રાન્ટના વપરાશના હિસાબોનું અલગથી રજીસ્ટર રાખવાનું રહેશે અને બીલોની અલગથી ફાઇલ નિભાવવાની રહેશે, જેનું ઓડીટ કરવામાં આવશે.

જે શાળાઓના બેંક ઓફ ઇન્ડિયાના ખાતામાં બાલા પ્રોજેક્ટ અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવેલ છે તેમને અલગથી પરિપત્ર કરી ગ્રાન્ટના ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. ત્યારબાદ આ પ્રોજેક્ટ અંતર્ગત કામગીરી શરૂ કરવાની રહેશે.

તા.૦૧-૦૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી